# પરમાત્માનું ધ્યાન, સ્મરણ, ચિંતન દેવપૂજનમાં છે


ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ, પરંપરા તથા વડીલોના આદેશ પ્રમાણે દરેક માનવીએ પ્રથાનું યોગ્ય રીતે પાલન કરવું દરેકનું કર્તવ્ય છે. જે પ્રથાઓ પરિવારને અને સમાજને પણ હિતકારી છે. આ પ્રથાઓનું પાલન કરવું સનાતન ધર્મ અને શાસ્ત્રની આજ્ઞાપાલન જેવું કર્મ છે.

આજના ચલિત યુગમાં અને પ્રભાવી દોડધામમાં ધાર્મિકતા, વિધિ વ્યવહાર પર ગંભીર પરિણામ થયા છે અને સર્વ સમાજમાં અનેક સંત, સાધુ, મહારાજ અને ગુરુઓ હોવા છતાં પણ સમાજ ભૂતકાલીન ધર્મશાસ્ત્રનો યોગ્ય આધાર અને પરિપાલન કરવા અંગે આકર્ષિત નથી તથા વિદેશી તત્ત્વો અને પ્રણાલિકાને પાળતો થઇ ગયો છે તેથી ભારતીય હિન્દુ ધર્મ અને નીતિનિયમોનું સમર્થક આયોજન થતું નથી. ધર્મ, એની કક્ષા, નિયમો, પરંપરાનું પાલન કરવામાં ક્ષતિ આવી ગઇ છે. માનવી સમાજને અર્થાત ભારતીય માનવીને સનાતન ધર્મની આવશ્યકતા છે. ધર્મથી માનવ મનુષ્યરૂપે જીવી શકે છે અને અન્યોને જીવાડી શકે છે એટલે દેવ-ધર્મ શ્રદ્ધા તથા વેદશાસ્ત્ર પુરાણોની પોતાનું કર્તવ્ય છે. વેદ-શાસ્ત્ર-રામાયણ અને મહાભારત આપણા જીવનને સુવર્ણાકાર આપવા અમૃતતુલ્ય મહાગ્રંથો છે.

ધાર્મિકતા આચરવાની શરૂઆત બાળપણમાં જ થવી જોઈએ અને તે કામ માતા-પિતા અને ઘરના વડીલોનું છે પણ બાળપણ એમ જ અન્ય વિદ્યા શીખવામાં નીકળી જાય છે.

સનાતની આચરણમાં પ્રથમ આવે છે. ‘દેવપૂજા’ દેવપૂજન નિત્યકર્મ છે અને તે દરેક માણસે કર્તવ્ય, બુદ્ધિ અને પ્રામાણિકતાથી કરવું જ જોઈએ પણ શાસ્ત્રીયદેવ પૂજા કેમ કરવી એની જાણ લોકોને નથી. એટલે મનના આવે તે પ્રમાણે દેવમૂર્તિઓ પર પાણી રેડીને તિલકનો ચાંદલો કરીને એકાદ ફૂલ



ચઢાવીને પૂજાકર્મ પૂરું કરવામાં આવે છે. એમાં શ્રદ્ધા, ભક્તિ, નિષ્ઠા, વિશ્વાસનો ભાવ દેખાતો નથી અને દેવપૂજાનો અર્થ પૂજક સમજતો નથી. દેવ અને દેવગૃહ ઘરમાં છે એટલે તે પૂજા કરે છે પણ આ વાત ઈષ્ટ નથી. કારણ દેવપૂજાનો ગહન અર્થ આજના માનવીને જ્ઞાત નથી. તેનો અભ્યાસ જરૂરી છે.

સત્ય એ છે કે દેવપૂજા મૂર્તિ પૂજા નથી જ. મૂર્તિ તો ફક્ત પ્રતીક છે. આ મૂર્તિના માધ્યમ દ્વારા આ મૂર્તિની અંદર જે દેવોનો, ઈશ્વરનો જગન્નિયંતાનો અદૃશ્ય વાસ છે. એની ગોપનીય શોધ લેવાનું કર્મ દેવપૂજા છે. એમાં કેવળ શોધ જ નહીં પણ દેવોનો અનુભવ પણ લેવાનો હોય છે. સગુણ બ્રહ્મથી નિર્ગુણ બ્રહ્મ તરફ જવા માટે મૂર્તિપૂજાના માધ્યમથી માણસને આગળ વધવાની ક્રિયામાં દેવપૂજા પ્રબળ સાધના છે.

એટલે દેવપૂજન શાસ્ત્ર શુદ્ધ પદ્ધતિથી કરવું એ ધ્યાનમાં રાખવાની વાત છે. આપણા જ ત્રિકાલજ્ઞ ઋષિ-મુનિઓએ આ વિધિમાં જે નિયમો ઘડ્યા છે તેનું પાલન કરીને દેવપૂજા કરવી એ ચોક્કસ ફલદાયી નિવડે છે.

દેવપૂજા કેમ કરવી? એમાં મુખ્ય લક્ષ્યાંક આપવું જોઈએ. એમાં સાધન, સાહિત્યનો ઉપયોગ કેમ કરવો? પ્રત્યેક મૂર્તિનો ઈતિહાસ, ઈષ્ટકાર્ય, મનુષ્ય પ્રત્યેની પ્રીતિ એની જાણ કરી લેવી તે માટે ધર્મગ્રંથ, પોથી, સ્તોત્રો અને ધર્મપદ્યાવલી વાંચનનો અભ્યાસ જરૂરી છે. દેવપ્રાપ્તિ માટે તપ કરવું શક્ય નથી પણ ધાર્મિક વાચન શક્ય છે.

યાંત્રિક પદ્ધતિથી દેવપૂજા ન કરવાની હોય પણ ભગવાન જોડે તન્મય થઈને પૂજા કરવાની હોય છે. પૂજાનું

> સત્ય એ છે કે દેવપૂજા મૂર્તિ પૂજા નથી જ. મૂર્તિ તો ફક્ત પ્રતીક છે. આ મૂર્તિના માધ્યમ દ્વારા આ મૂર્તિની અંદર જે દેવોનો, ઇશ્વરનો જગન્નિયંતાનો અદૃશ્ય વાસ છે


મહત્ત્વ, લાભ અને માનવી જીવનનાં ઉત્થાન વિષયે આગળના અંકમાં વાંચવા મળશે. તે પ્રમાણે પ્રભુપૂજનમાં તન્મય થશો અને ઈશ્વરકૃપા પ્રાપ્ત કરશો એવી પૂર્ણા આશા છે.

એક નોંધપાત્ર વાત છે, તે એ છે કે દરેક ઘરમાં પંચાગ હોવું જરૂરી છે જેથી આપણને વાર, તિથિ, નક્ષત્ર, યોગ કરણની સ્પષ્ટ માહિતી મળે છે. જે માણસના દૈનંદિન માટે બહુ જ ઉપયોગી છે. પંચાગમાં ઘણી ઉપકારક માહિતી આપેલી હોય છે. આપણા વડીલોએ ચંદ્ર-સૂર્ય, આધિ ગ્રહોની ચાલ, ગતિ અને તેનાં પરિણામનો સૂક્ષ્મ અભ્યાસ કરીને જે પ્રયોગ સિદ્ધ વાતો વિશ્વને આપી છે. જે અન્ય કોઈ પણ આપી શક્યા ન હતા. એટલે જ ચાર વેદ ભારતમાં જ છે, પણ એનો અભ્યાસ વિદેશી વિદ્વાનો કરી રહ્યા છે. એટલે બધા જ નીતિનિયમો વેદ ગ્રંથોએ આપ્યા છે. તેનું પાલન કરવું જ રહ્યું.

---

# સુદામાચરિત્ર

પંચામૃત
નીલાક્ષી પરીખ



કૃષ્ણ-સુદામાની મૈત્રીની કથામાં આગળ વધીએ. સુદામા શ્રીકૃષ્ણની ચિંતા કરે છે. ગુરુકુળમાં અભ્યાસ દરમ્યાન. સુદામા શ્રુતિના મંત્ર ભણે ને કૃષ્ણ સાંભળ્યા કરે. બે ય લેશન કરવા બેસે. કૃષ્ણ કહેતા હશે-મનોમન હે બ્રાહ્મણ! તારે મોઢે મંત્રો કેવા રૂડા લાગે છે, કેવા કર્ણપ્રિય લાગે છે! શાસ્ત્રો કહે છે - વેદો મારા શ્વાસરૂપ છે. પણ તારો વિશ્વાસ ગજબનો છે. તું જે રીતે વેદો મંત્રો બોલે છે મને થાય કે સાંભળતો રહું. તારા જેવા બ્રાહ્મણો, ઋષિઓ, ઈન્દ્રજીત, પ્રશાંતને સંતુષ્ટ તપસ્વીઓ જેને કારણે ધરમ ટકયો છે. પૂ.ગુરુદેવ સ્વાધ્યાય પ્રણેતા પૂ. પાંડુરંગ દાદાનું સ્મરણ કરતાં કહે છે કે - દાદાને કહેતા સાંભળ્યા છે-સુદામો પગપાળો એટલા માટે ગયો કે એ ભક્તિફેરી કરતો કરતો ગયો. ભગવાન શ્રીકૃષ્ણના અને ગીતાના વિચારો લોકો સુધી પહોંચાડતો-પહોંચાડતો. પછી દ્વારકાધીશ પાસે ગયો. ભગવાન પાસે જતાં પહેલાં આપણે કઈ કર્યુ હોવું જોઈએ. સુદામાએ આખું જીવન આપ્યું છે. સંસ્કૃતિ માટે સુદામાનું તપ એટલે શું? સાદગીપૂર્ણ એનું જીવન, તપસ્વી સુદામો, જિતેન્દ્રિય સુદામો, પ્રશાંત, તેજસ્વી, જ્ઞાનને એવું ને એવુ તાજું રાખનાર સુદામો, કૃષ્ણ અમથા એના પગ નથી ધોતા. આ અંત:પુર છે. ઓફિસમાં તો મદદમાં સેક્રેટરી હોય અહીંયા તો રાણીઓ છે. એ સેવામાં સાથે આસિટન્ટ બનીને ઊભી છે! શ્રી કૃષ્ણ સુદામાના ચરણ ધોઈ પૂજા કરે છે. સુદામાને સંકોચ થાય છે, સુદામાને થાય છે કે - હું ભગવાનનો દાસ છું. એવો ભાવ છે પણ શ્રીકૃષ્ણ સુદામાને પોતાનો સખામાને છે. ઉપનિષદ અનુસાર જીવ. શિવ નિત્ય સખા છે. સુદામાનો સંકોચ અને શરમાવું સ્વાભાવિક છે. પોતાના સખાની ભવ્ય સાહ્યબી જોઈને સુદામો રાજી થાય કે વાહ સખા! સદ્ગુરુના આશીર્વાદ તો તારા પર બરાબર ઉતર્યા છે. તારી સાહ્યબી, તારો દબદબો, તારો પ્રભાવ, તારો પ્રતાપ! વાહ! સુદામો રાજી થાય કે આટલો મોટો, આટલો મજબૂત મારો સખા! સોનાની દ્વારિકાનો નાથ મારો સખા! પણ સ્નેહ સિવાય બીજું કાંઇ નથી સુદામો પોતાનું દુ:ખ રડયો નથી એને માટે સુદામો આવ્યો ય નથી માંગવાનો તો સવાલ જ નથી વાળી વાળીને, વારે વારે પૂછે છે કૃષ્ણ-ઘરે બધું કેમ છે? સુદામો હસતાં હસતાં કહે-તારી કૃપા છે, લીલા લહેર છે. મનોમન દ્વારિકાધીશ કહે- વાહ બ્રાહ્મણ વાહ! વાહ ઋષિ! તારો સંતોષ, તારી ગરિમા! તાંદુલ ખાધા દ્વારકાધીશે. બેટ દ્વારકામાં બિરાજતું પ્રભુનું સ્વરૂપ ત્રિલોક સુંદર સ્વરૂપ છે. પૂ. ડોંગરે બાપજીએ પણ કથામાં આ સ્વરૂપ વિષે અનેકવાર વાત કરી છે. પૂ. ગુરુદેવ બેટદ્વારિકાની કથામાં કહે છે કે દશેરાના દિવસે હું ધજા ચઢાવવા દ્વારકા જાઉં તો જોઈને લાગ્યા કરે કે એ રાજી થાય. મુસ્કાન સાથે જાણે પૂછે કે- કેમ છે બધું બરાબર? કોઈ તકલીફ? અંદરથી નીકળે-લીલા લહેર છે, તારી કૃપા છે, તું ધ્યાન રાખે છે. તને બધી ખબર છે. તું બધું જુએ છે તું નિમિત્ત બનાવીને બધું કર્યા કરે. આ બધી તારી લીલા છે. ‘કરતે હો તુમ કન્હૈયા, મેરા નામ હો રહા હૈ. મેરા આપકી કૃપાએ સબ કામ મેરા નામ હો રહા હૈ.’ ‘મારા નાથ! એમ કરતાં ૨-૩ વાર મળવાનું થાય તો કહે-ઘરે આવવાનું રાખો, ભેગા જમીશું, ઘરે બોલાવે, આવકારે. આપણને જોઇને રાજી થાય, જમાડે પછી કહે ૭ દિ’ જવાનું નથી હોં! આપણે આનંદ કરવો છે, બહુ વાતો કરવી છે. ઓફિસમાં તો બહુ બિઝી હોય, બહુ ટાઈમ ન હોય પણ ઘરે તો ટાઈમ જ ટાઈમ ઘર છે. નોતર્યા છે દ્વારિકાધીશે-હારે હારે રોટલા ખાવાના છે. દર્શન કરીશું. ભાગવત કથાએ કથા થોડી છે એ તો ભગવાન તમારી હારે વાતુ કરે છે.કારણ કે ભાગવત એટલે કૃષ્ણ બોલે છે. અહીંયા બેસીએ તે ગોવિંદ સાથે ગોઠડી છે. આ ભાવથી કથા સાંભળજો. કૃષ્ણને કહેવાનું કે- ‘ઓ દ્વારિકાના નાથ મને તારી પાંહે રાખ.’ આપણો પ્રિય હોય ને એનું બોલવાનું, એનું એક-એક લટકું એ કેવી રીતે બેસે, કેવી રીતે ઊઠે, કેવી રીતે હસે, આપણે જેને બહુ પ્રેમ કરતા હોઈએ એની એક એક ચેષ્ટા આપણા મનમાં કંડારાય.

આપણી આંખ ત્યાંથી હટે નહીં, દૃષ્ટિ ન હટે ને એકલા હોઈએ ત્યારે એનું સ્મરણ થાય. ‘હું તો આઠે શમા કેરી ઝાંકી રે કરું’ ભકતની આસપાસ બીજું ગોઠવાય તો ભલે પણ મુખ્ય દર્શન, ઝાંકી હોય. વૈષ્ણવ એ ચૂકે નહીં. અહીં બેટદ્વારિકામાં ભગવાન કંઈ કહે એ આપણે ચૂકીએ નહીં, સાવધાન બની શ્રવણ કરીએ. શ્રીકૃષ્ણ વૃંદાવન વિહારી, બાંકે બિહારી, શ્રીનાથજી, દ્વારકાધીશ, જગન્નાથ જુઓ ૪ દિશામાં ૪ નાથ. પૂર્વમાં જગન્નાથ, દક્ષિણમાં રંગનાથ, પશ્ચિમમાં દ્વારકાનાથ તો ઉત્તરમાં બદ્રીનાથ અને મધ્યમાં શ્રીનાથ. ગોવર્ધન નાથ. પ્રભુના દરેક સ્વરૂપનું દર્શન કરો. જગન્નાથના સામે હાથ છે. જાણે આમંત્રે છે. આવો, ગલે લગ જાવ. ‘હગ દેવા’ ઉત્સુક

> ભગવાન શ્રીકૃષ્ણના અને ગીતાના વિચારો લોકો સુધી પહોંચાડતો-પહોંચાડતો. પછી દ્વારકાધીશ પાસે ગયો. ભગવાન પાસે જતાં પહેલાં આપણે કઈ કર્યુ હોવું જોઈએ. સુદામાએ આખું જીવન આપ્યું છે

છે. ત્રણે ભાઈ-બેન સાથે બિરાજે છે. બલભદ્ર, શ્રીકૃષ્ણ અને વચ્ચે સુભદ્રાજી. ભાઈ-બેન વાળું વાતાવરણ છે. દર્શન કરવા આવતા ભક્તોને આમંત્રે છે. બથ ભરવા ઉત્સુક છે. રંગનાથ આરામમાં છે, સૂતેલાં છે. દ્વારિકાનાથ ચતુર્ભુજ છે! રાજાધિરાજ છે. ઓફિસમાં રાજસિંહાસન પર બિરાજે છે. હોંશિયાર, સાવધાન છડી પોકારવામાં આવે છે. દ્વારિકાધીશની બેઠા હોય તો ઊભા થાય. ઊભા હો તો અદબમાં આવી જાવ. રાજા છે પણ બેટદ્વારિકા એ પ્રભુનું ઘર છે, અંત:પુર છે. તો શ્રીનાથજીનો હાથ ઊંચો છે. ગિરિરાજધારી છે. જમણો હાથ ઊંચો છે. જયારે બદ્રીનાથ બેય હાથ ખોળામાં છે અને આંખો બંધ છે. તપસ્યાનું સ્વરૂપ છે. તપ કરે છે.

નિવૃત્તિ પરાયણ સંન્યાસીના ઉપાસ્ય ભગવાન બદ્રીનાથ છે. નર-નારાયણ સાથે બિરાજતા ભગવાન બદ્રીનાથ. તો દ્વારિકાધીશ રાજા છે, શ્રીનાથજી ભકતોની રક્ષા માટે તત્પર છે, જગન્નાથજી આત્મીયતા સાથે સ્વાગત કરનારા, શ્રીરંગનાથ આરામમાં ને બદ્રીનાથ તપસ્યામાં ભગવાનના જ ભિન્ન-ભિન્નરૂપ છે. આપણે એની ઉપાસના કરીએ. રાજાને રાજ દરબારમાં મળીએ ત્યારે શિસ્ત સાથે મળવું પડે ભલેને મિત્ર હોય પણ મર્યાદા જાળવવી પડે. પણ ઘરે હોય ત્યારે આત્મીયતા, સામીપ્ય હોય અંતરની વાત ખૂલીને કહેવાય. બદ્રીમાં તો પ્રભુને પ્રણામ જ કરાય. ડિસ્ટર્બ ન કરાય. ભગવાન શ્રીકૃષ્ણના જ આ ભિન્નરૂપ છે.

શ્રી રમેશભાઈ ઓઝાના સત્સંગને આધારે